૪૧૩૦૩-૪૧૭૭૭

**જુઓ વેબસાઈટ**
www.ptcgujarat.org
E-mail: info@ptcgujarat.org

નં.૪૧/સતપ/જ/પીટીસીપ્રવેશ/૦૯/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૧,
ગુ.રા. ગાંધીનગર.
તા. ૦૩ / ૦૭/ ૨૦૦૯

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તમામ
આચાર્યશ્રી, અધ્યાપન મંદિરો ગુજરાત રાજ્ય– તમામ
(સ્વનિર્ભર સહિત)

વિષયઃ– પી.ટી.સી. પ્રવેશ–૨૦૦૯–૧૦
ઉમેદવારોને હાજર કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જયભારત સહ જણાવવાનું કે, પી.ટી.સી. પ્રવેશની કાર્યવાહી તા.૧–૭–૨૦૦૯ થી ૨૯–૭–૨૦૦૯ સુધી ચાલુ છે. આ સમય દરમ્યાન ઉમેદવારો પ્રવેશ મેળવી આપની સંસ્થામાં હાજર થવા આવે તો નીચે મુજબની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

<u>પી.ટી.સી. પ્રવેશ બાબતે નીચેની સૂચનાઓ ધ્યાનમાં રાખવા જણાવવામાં આવે છે.</u>

1. ઉમેદવારોને જે તારીખે પ્રવેશ આપવામાં આવેલ છે તે તારીખથી દિન–૪માં હાજર થવાની તારીખ એડમીશન લેટરમાં આપેલ છે. તે સમય દરમ્યાન ઉમેદવારોને અસલ પ્રમાણપત્રો જેવા કે ધો.૧૦/૧૨ની માર્કશીટ, સ્કુલ લીવીંગ સર્ટી, જાતિ પ્રમાણપત્ર, બક્ષીપંચનું ક્રિમીલેયર સર્ટી વગેરે મેળવી હાજર કરવાના રહેશે.
2. આ પ્રમાણપત્રો ઉમેદવારો જાતે પ્રવેશ રદ કરાવે તો પરત કરવા અન્યથા પી.ટી.સી. બીજા વર્ષનો અભ્યાસ પૂર્ણ થયે પરત કરવાના રહેશે. તે સિવાય કોઈપણ કિસ્સામાં પરત આપવાના નથી.
3. સ્વનિર્ભર સંસ્થાઓએ આવા ઉમેદવારો હાજર ન થાય તો આ કચેરીના ઉપર જણાવેલ ઈમેઈલ એડ્રેસથી એડમીશન નંબર, ઉમેદવારના નામ અને સંસ્થાના પ્રવેશ કોડ નંબર લખી હાજર થયેલ નથી તેવા રીપોર્ટ કરવાના રહેશે.
4. ઉપર મુજબની સૂચનાઓનો પ્રવેશ કાર્યવાહી દરમ્યાન અમલ કરવાનો રહેશે.

(ડૉ.ભરત પંડિત)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર